# પડતર માંગણીઓને લઈને પાલનપુર એસ. ટી. મજદુર સંઘના ધરણાં

**ડી.સી.ની કથિત જોહુકમી સામે મોરચો માંડતા કામદારો : બોખલાયેલા કામદારો નાક દબાવવાની કોશિષ કરી રહ્યા છે : ડી.સી.**

પાલનપુર એસ.ટી. વિભાગના કામદારો એ વિભાગીય નિયામકની કથિત જોહુકમી સામે મોરચો માંડ્યો છે. પોતાની પડતર માંગણીઓને લઈને એસ.ટી. મજદૂર સંઘએ ધરણાં યોજ્યા હતા.

પાલનપુર એસ.ટી. મઝદુર સંઘના નેજા હેઠળ એસ.ટી.કામદારોએ આજથી પ્રતિક ધરણાં પર બેઠા છે. સાતમું પગાર પંચ, બદલી-બઢતી સહિતના કામદારોના પ્રશ્નો ઉકેલાયા નથી. વળી, પાલનપુર એસ.ટી. વિભાગીય નિયામકના નકારાત્મક અભિગમથી વહીવટ ખોરંભે ચડ્યો છે.



વિભાગીય નિયામકના વાણી વર્તન અને વ્યવહાર સામે કામદારોમાં રોષ પ્રવર્તી રહ્યો હોવાનો આક્ષેપ એસ.ટી.મઝદુર સંઘે કર્યો હતો. જેને કારણે અમારે ના-છૂટકે આંદોલનનો માર્ગ અપનાવવો પડ્યો હોવાનું ભારતીય મઝદુર સંઘના પ્રદેશ મંત્રી નિરંજન શ્રીમાળી અને દિપકભાઈ નાયકે જણાવ્યું હતું.

જોકે, વિભાગીય નિયામક જયદીપ સોલંકીએ યુનિયનના આક્ષેપોને ફગાવી દીધા હતા. અગાઉ હડતાલનું શસ્ત્ર ઉગામનાર એસ.ટી. દ્વારા કામદારો સામે ભરાયેલા પગલાંને લઈને બોખલાયેલા કામદારો તંત્રનું નાક દબાવવા ધરણાં પર ઉતર્યા હોવાનું ખુદ વિભાગીય નિયામક જણાવી રહ્યા છે.

જોકે, વિભાગીય નિયામકે તો ધરણાં યોજવા સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. આમ, એસ.ટી.કામદારો અને વિભાગીય નિયામક આમને-સામને આવી જતા મામલો પેચીદો બન્યો છે.

# ઈડરની રાષ્ટ્રીય અંધજન મંડળની ટીમ ચેમ્પિયન બની

પ્રાંતિજ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે આવેલ રાષ્ટ્રીય અંધજન મંડળની મહિલા ટીમે સુરત ખાતે યોજાયેલ ક્રિકેટ ટુર્નામેન્ટ ભાગ લઈને ચેમ્પિયન બની હતી.

અંધજન વિકાસ કેન્દ્ર સુરત તથા લાયન્સ કલબ સુરતના સંયુક્ત ઉપક્રમે ત્રીજી ફેબુઆરીના



રોજ યોજાયેલ અખિલ ગુજરાત અંધજન ક્રિકેટ ટુર્નામેન્ટમાં સાબરકાંઠા જિલ્લાના ઈડર ખાતે આવેલ રાષ્ટ્રીય અંધજન મંડળની ટીમે ભાગ લીધો હતો. જેમાં વલસાડની ધરપુરની ટીમને પરાજય આપી ચેમ્પિયન બની તો રાજય ચેમ્પિયનશીપ સંસ્થાના નામે કરી કુ. રેખા, કું. કિરણ રાણા, કું. કોટવાલ વગેરે દિવ્યાગ મહિલાઓએ મેન ઓફ ધ મેચ, મેન ઓફ ધ સીરીઝના તમામ ચારેય પુરસ્કારો જીતી ટીમને વિજયી હાંસલ કરાવી હતી. સુરત જિલ્લા ભાજપ પ્રમુખ, સુરત લાયન્સ હોદ્દેદારો દ્વારા ઈડરની મહિલા ટીમને ટ્રોફી આપીને ટીમને સન્માનિત કરવામાં આવી હતી. અગાઉ ખેલ મહાકુંભમાં ભાગ લઈને સોમનાથ, સુરેન્દ્રનગર, જામનગર , ભૂજ, માળિયા, ભૂવનેશ્વર અને કટરા ખાતે વિજય ધ્વજ લહેરાવી બન્ને વિભાગમાં મહિલા ટ્રોફી પ્રથમ ક્રમાંકે જીતી સુરતની જીતે સાબરકાંઠા ઈડર અને રાષ્ટ્રીય અંધજન મંડળનું ગૌરવમાં વધારો કર્યો તો અધ્યાપક પરેશભાઈ રાવલ, કેતનભાઈ શાહ, દક્ષાબેન બ્રહ્મભટ્ટ દ્વારા ટીમને માર્ગદર્શન પુરૂ પાડવામાં અને તેવોના માર્ગદર્શન હેઠળ વિજય થયો હતો. સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ એન.ગાંધી, મંત્રી પ્રજ્ઞાચક્શુ પ્રો.ભાસ્કરભાઈ વાત. મહેતા શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતી પ્રવિણાબેન. બી.મહેતા તેમજ સમગ્ર શાખા પરિવાર દ્વારા અંભિનદન પાઠવવામાં આવ્યાં હતા.

# ભાટીયા વાળંદ બારેશી સમાજનો સન્માન સમારોહ યોજાયો

ભિલોડા,તા.૫

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર ખાતે ભાટીયા વાળંદ બારેશી સમાજ ધ્વારા આયોજીત સિધ્ધી મેળવેલ હોય તેવા અને નવનિયુંક્ત સરકારી કર્મચારીઓ, વિશિષ્ટ સિધ્ધીઓ મેળવેલ કરાયું હતું. ભાટીયા વાળંદ સમાજના જ્ઞાતિજનોનું સન્માન કરાયું હતું. સમસ્ત ભાટીયા બારેશી વાળંદ સમાજની કારોબારી, સલાહકાર સમિતિ, મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, મહેસાણા, હિંમતનગર, ઈડર, ભિલોડા સહિત વિવિધ વિસ્તારોના



સમાજના યુવાનો, યુવતીઓ,નિવૃત સરકારી કર્મચારીઓ,પુર્વ પ્રમુખ,મંદીર ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો સન્માન સમારોહ કાર્યક્રમ ઉત્સાહભેર પ્રથમ વાર યોજાયો હતો. ભાટીયા વાળંદ સમાજમાં આનંદની લાગણી પ્રસરી હતી. દાંતા નિવાસી દિપકભાઈ રમણલાલ ભાટીયા, ડી.વાય.એસ.પી. તરીકે આણંદ મુકામે નિમણુંક કરાતાં સન્માનપત્ર આપી વિશેષ સન્માન ભાટીયા વાળંદ સમાજના યુવાનોએ જહેમત ઉઠાવી હતી. મુખ્ય મહેમાનએ સમાજના વિકાસ માટે શિક્ષણ,એકતા જરૂરી હોવાનું જણાવ્યું હતું. માર્ચ-૨૦૧૯ દરમ્યાન ધોરણ.૧૦,ધોરણ.૧૨ ની બોર્ડની માં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવાની જાહેરાત કરી હતી. ભાટીયા વાળંદ બારેશી સમાજ ધ્વારા સન્માન સમારંભ કાર્યક્રમ દબદબાભેર યોજાયો હતો ત્યારે ભાટીયા વાળંદ બારેશી સમાજમાં અત્ર-તત્ર-સર્વત્ર આનંદની લાગણી પ્રસરી હતી.

# હિંમતનગરમાં ભૂ-માફીયાઓની જોહુકમીના વિરોધમાં આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૫

હિંમતનગર તથા આસપાસના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી અમુક ભુમાફીયાઓ પોતાની રાજકિય વગ વાપરીને તેમની પાસેથી અગાઉ જમીન કે પ્લોટ વેચાણ લેનાર ઈસમોને ધાકધમકી આપી બાંધકામ કર્યુ હોય તો તોડી પાડી ભય ઉભો કરી રહ્યા છે. તેવી એક ઘટના તાજેતરમાં હિંમતનગરમાં જુના બળવંતપુરામાં બનતા આવા ભુમાફીયાઓની વિરોધમાં મંગળવારે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

આ આવેદનપત્રમાં જણાવાયા મુજબ જુના બળવંતપુરા વિસ્તારમાં આવેલ સર્વે નં. ૫૭પૈકી પ્લોટ નં. ૩૮ને ખરીદનાર એક ગૃહસ્થે વર્ષો અગાઉ આ જમીનના મુળ ખાતેદાર પાસેથી પ્લોટ ખરીદ્યો હતો. તેમ છતાં મુળ ખેડૂત ખાતેદારોના વારસદારોએ ગત તા. ૨૬ જાનેયુઆરીની રાત્રે જેસીબીની મદદથી મકાનનું ધાબુ તથા દિવાલ તોડી પાડી હતી.

ઉપરાંત આ ભુમાફીયાઓએ ઓરડીમાં રહેતા મજૂરોને પણ ધાક ધમકી આપી હતી. જેથી તા. ૨૭ જાન્યુઆરીના રોજ પ્લોટના માલિકે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. ત્યારબાદ તેમના હિતેચ્છુઓ તથા સમાજના અગ્રણીઓએ ભેગા મળી હિંમતનગરના એક રાજકીય અગ્રણીનું પીઠબળ ધરાવતા છ ભુમાફિયા સામે કડક પગલા લેવા જિલ્લા કલેક્ટર કચેરીમાં રેલી સ્વરૂપે જઈ આવેદનપત્ર આપી કેટલાક દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા.



## રીંટોડા પ્રાથમીક શાળામાં સ્વેટર વિતરણનો કાર્યક્રમ યોજાયો

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રીંટોડા ગામની રીંટોડા પ્રાથમીક શાળામાં વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.રીંટોડા પ્રાથમીક શાળામાં રીંટોડા ગામના આગેવાન રામસિંહ કુંપાવત, સરપંચ ગોવિંદભાઈ પાંડોર, ડે.સરપંચ રણવીરસિંહ સિસોદીયા, એસ.એસ.સી. અધ્યક્ષ મુકેશભાઈ ડામોર, સભ્યો,રીંટોડા પ્રાથમીક શાળા આચાર્ય મહેન્દ્રભાઈ પંચાલ, સ્ટાફ પરીવાર, ગ્રામજનોના સહયોગથી ૨૬૦ વિદ્યાર્થીઓને સ્વેટર વિતરણ કરાયું હતું. વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. ભિલોડા તાલુકા પ્રાથમીક શિક્ષણાધિકારી આર.બી.નિનામા, વાંકાનેર સી.આર.સી. ડાં.મોક્ષી જીતેન્દ્રભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. રીંટોડા પ્રાથમીક શાળાની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી.

# પાલનપુર શહેરના બીજેશ્વર કોલોનીમાં તસ્કરો ત્રાટકયા

**સોના, ચાંદી અને રોકડ રકમ સહિત અંદાજે ૧.૫૦ લાખના મુદ્દામાલની ચોરી**

પાલનપુર બિજેશ્વર કોલોની વિસ્તારમાં આવેલ એક બંધ મકાનમાં વહેલી સવારે તસ્કરો ત્રાટક્યા હતા અને મકાનમાં પડેલ સરસામાનની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.આ અગે પોલીસને જાણ થતા પુર્વ પોલીસ ઘટના સ્થળે દોડી આવી વધુ તપાસ હાથ ધરી છે.

બનસકાંઠામાં મારામારી, ચોરી, લૂંટ સહીતના બનાવોમાં ચીંતા જનક હદે વધારો થઈ રહ્યો છે. જેમા તાજેતરમાં જ આ વિસ્તારની નજીક આવેલી ભાગ્યોદય સોસાયટીમાં તસ્કરો ત્રાટક્યા હતા અને ત્રણ લાખ ઉપરાંતના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ ઘટનાની પોલીસ ચોપડેથી શાહી સુકાઈ પણ નથી ત્યાં બાજુમાં આવેલ બિજેશ્વર કોલોનીમાં રહેતા પ્રધ્યુમનભાઈ રાવલ વહેલી સવારે સામાજીક પ્રસંગમાં ગયા હતા તે સમયે તેમના મકાનમાં તસ્કરો



ત્રાટક્યા હતા અને મકાનનું તાળુ તોડી મકાનમાં પડેલી તિજારી તોડી સરસામાન વેરવિખેર કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી અંદાજે ૧.૫૦ લાખના મુદ્દામાલની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. વહેલી સવારે દુકાનની ચાવી લેવા આવેલા યુવકને જાણ થતા મકાન માલીકને જાણ કરવામાં આવી હતી ત્યારબાદ આ અંગેની જાણ પોલીસને થતા ડી.વાય. એસ.પી એ. આર. ઝનકાત અને પુર્વ પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી ડોગ સ્કોડ અને એફએસએલની મદદથી ચોરીનો ભેદ ઉકેલવાની તજવીજ હાથ ધરી છે.

## પાલનપુરમાં સરકારીકર્મીએ વખ ઘોળતા ચકચાર

પાલનપુરમાં સેવા સદનમાં આવેલી સરકારી કચેરીમાં ફરજ બજાવતા એક કર્મચારીએ વખ ઘોળતા ચકચાર મચી ગઈ હતી.

પાલનપુર તાલુકાના ખોડલા ગામના ૫૭ વર્ષીય ભગુભાઈ મોતીભાઈ દેસાઈ જમીન વિકાસ નિગમમાં ફિલ્ડ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. જેઓએ આજે જિલ્લા સેવા સદનમાં જિલ્લા પંચાયત પાછળ આવેલી મુતરડીમાં જઈ અધિકારીઓના ત્રાસથી વખ ઘોળતા ચકચાર મચી ગઈ હતી. દરમિયાન પીડિત કર્મચારીને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમના પરિવારજનો પણ દોડી આવ્યા હતા. જોકે, આ કર્મચારીને વધુ સારવાર અર્થે પાટણ ખસેડાયા હોવાનું તથા તેઓ માનસિક રીતે અસ્વસ્થ હોઈ આ પગલું ભર્યું હોવાના પણ અહેવાલ સાંપડ્યા છે.

# હિંમતનગરથી લૂંટ, ઘરફોડ તથા પાસાનો વોન્ટેડ ગુનેગાર પકડાયો

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં લુંટ, ઘરફોડના ગુનાઓમાં સંડોવાયેલ તથા અમદાવાદમાં પાસાની સજા થયેલો એક ગુનેગારને એલસીબીએ બાતમીને આધારે હિંમતનગર પાણપુર પાટીયા નજીકથી મંગળવારે ઝડપી લઈ તેની પાસેથી પોલીસે રૂ. ૧૪,૫૦૦નો મુદ્દામાલ કબજે લઈ પુછપરછ કરતા તેની વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય તથા એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હોવાથી તેને ગ્રામ્ય પોલીસને હવાલે કર્યો હતો. આ અંગે એલસીબીના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ અમદાવાદના વટવા વિસ્તારમાં આવેલ ઈમદાદાનગર સોસાયટીમાં રહેતા ઈકબાલ ઉર્ફે રાજા મજીદખાન પઠાણ વિરૂદ્ધ વર્ષ ૨૦૧૮માં હિંમતનગર ગ્રામ્ય ૨પોલીસ સ્ટેશનમાં તથા એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. પરંતુતે નાસતો ફરતો હતો.

ઈકબાલ પઠાણ વિરૂદ્ધ અમદાવાદમાં પણ નોંધાયેલી ફરીયાદો બાદ તેને પાસાની સજા થઈ હતી. દરમ્યાન તે હિંમતનગરના પાણપુર પાટીયા નજીક એક મકાનમાં રહેતી તેની પત્નિને મળવા માટે અવારનવાર આવતો હતો. જે અંગે ઈકબાલ પઠાણ મંગળવારે હિંમતનગર આવ્યો હોવાની એલસીબીને બાતમી મળતા તે વિસ્તારમાં વોચ ગોઠવીને ઈકબાલ પઠાણની શંકાસ્પદ હિલચાલને આધારે ઝડપી લેવામાં આવ્યો હતો. ત્યારબાદ તેની પુછપરછ કરી તેની પાસેથી રૂ. ૧૪,૫૦૦ના ચાર મોબાઈલ કબજે લેવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે ઈકબાલ પઠાણ વિરૂદ્ધ અમદાવાદના સોનાના દોરાની લૂંટ બદલ બાર ગુના વિવિધ પોલીસ સ્ટેશનમાં નોંધાયા છે. ઉપરાંત તેની વિરૂદ્ધ વર્ષ ૨૦૧૮માં ચિલોડા પોલીસ સ્ટેશનમાં પણ ફરીયાદ નોંધાઈ ચુકી હતી.

## પાલનપુરના માનસરોવર ફાટક પાસે મારામારીમાં ૧૦ ઘાયલ

પાલનપુર શહેરના માનસરોવર રેલવે ફાટક પાસે કોઈ કારણોસર બે જૂથ વચ્ચે મારામારી થતા ૧૦ લોકોને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પાલનપુરના માનસરોવર રેલવે ફાટક પાસે અસામાજિક તત્વો માથું ઊંચકી રહ્યા છે. જેની પ્રતીતિ કરાવતી વધુ એક ઘટનામાં બે જૂથો વચ્ચે કોઈ કારણોસર મારામારી થઈ હતી. જેમાં ૧૦ લોકોને ઈજા થઈ હતી. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાને પગલે લોકોના ટોળેટોળાં ઉમટ્યા હતા.

# ટાટા પાવર દ્વારા તત્વ એન્જિનીયરીંગ ખાતે ટેકનીકલ સેમીનાર યોજાયો

મોડાસા, તા. ૫

વિદ્યાર્થીઓ વર્તમાન સમયની ટેકનોલોજી બાબત માહિતગાર થાય તેવા હેતુસર સંસ્થામાં વિવિધ ટેકનીકલ વિષયો પર સેમીનારનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત તાજેતરમાં વિદ્યુત ઉર્જાના ઉત્પાદન ક્ષેત્રે સંકળાયેલ પ્રસિદ્ધ કંપની ટાટા પાવર લીમીટેડ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામા આવ્યું.

જેમાં ટાટા પાવર સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટના પ્રિન્સીપાલ સુરેન્દ્રકુમાર દ્વારા આગામી ૧૦ વર્ષમાં પાવર ક્ષેત્રે થઈ રહેલી પ્રગતિ, સોલાર પાવર પ્લાન્ટ, રોજગારની તકો તથા ભાવિ ઈજનેરો માટે જરૂરી ટેકનીકલ સ્કીલ જેવી બાબતો અંગે સુંદર સમજણ આપવામાં આવી. આ સેમીનારમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહી ટેકનીકલ જ્ઞાનની અવિરત ગંગાનો લાભ લીધો હતો. વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા માટે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર પ્રો. જે.આર. પુવાર તથા પ્રિન્સીપાલ ડૉ. એમ.બી. દિવાન સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત રહ્યા હતા. ટાટા પાવર સ્કીલ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ સાથે એમઓયુ કરનાર ઉત્તર ગુજરાતની સર્વ પ્રથમ એન્જીનીયરીંગ કોલેજ છે. જે સંદર્ભે મિકેનીકલ તથા ઈલેક્ટ્રીકલ શાખાના વિદ્યાર્થીઓને ટાટા પાવર પ્લાન્ટ, મુંદ્રા કચ્છ ખાતે આગામી દિવસોમાં વધુ તાલીમ માટે મોકલવામાં આવશે.



## વેજપુર ગામમાં કૃષિ મેળો, ખેડુત શિબિર યોજાઈ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વેજપુર ગામમાં આદિજાતિના ખેડુતો માટેની એ.જી.આર.૩ યોજના અંતર્ગત ખેતીવાડી શાખા,જીલ્લા પંચાયત ધ્વારા આયોજીત કૃષિ મેળો, ખેડુત શિબિર યોજાઈ હતી. આ પ્રસંગે ધારાસભ્ય ડાં.અનિલભાઈ જોષીયારા, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ દોલજીભાઈ કોટડ, ભિલોડા તાલુકા પંચાયત સદસ્ય લક્ષ્મીબેન ભગોરા, વેજપુર ગ્રૃપ ગ્રામ પંચાયત સરપંચ જશુભાઈ અસારી, અરવલ્લી જીલ્લા ખેતીવાડી અધિકારી જે.આર.પટેલ,મદદનીશ ખેતી નિયામક,ખેડબ્રહ્મા જે.ડી.પટેલ, વિસ્તરણ અધિકારી ખેતી વિભાગ ચિંતનભાઈ પટેલ, તાલુકા અમલીકરણ અધિકારી એમ.વી.પટેલ, ગ્રામસેવકો, ખેડુતો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. જીલ્લા ખેતીવાડી અધિકારીએ ખેડુતોને ખેતીવાડીની યોજનાકીય માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. તાલુકા અમલીકરણ અધિકારીએ પ્રવચન દરમ્યાન શાબ્દીક સ્વાગત કર્યું હતું. જશુભાઈ અસારીએ આભાર વિધિ કરી હતી. રામજીભાઈ સડાત (સજીવ ખેતી ગ્રૃપ લીડર)એ સજીવ ખેતી સંદર્ભે અનુભવો ખેડુતો સમક્ષ રજુ કર્યા હતા.

# રોટરી કલબ પાલનપુર સીટી દ્વારા બનાસરત્ન એવોર્ડ સમારંભ યોજાયો

પાલનપુર શહેરની જાણીતી સેવાભાવી સંસ્થા રોટરી કલબ ઓફ પાલનપુર સીટી દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ બનાસરત્ન એવોર્ડ સમારંભ યોજાયો હતો.


પાલનપુર શહેરના આબુરોડ હાઈવે પર આવેલી હોટલમાં રોટરી કલબ ઓફ પાલનપુર સીટી દ્વારા દરવર્ષની જેમ આ વર્ષે પણ બનાસકાંઠા જીલ્લાના જ રહેવાસી હોય અને જીલ્લા માટે કંઈક સેવાકીય કાર્યો કર્યા હોય એવા લોકોને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવતા હોય છે. કલબ દ્વારા ૨૦૦૫ થી શરૂ કરવામાં આવેલ આ એવોર્ડ સમારંભ માં જીલ્લાના કેટલાય લોકોને આ એવોર્ડ થકી સન્માનિત કરાયા છે જેમાં વર્ષ ૨૦૧૮-૧૯ માં બનાસકાંઠા જીલ્લાના થરાદ તાલુકાના વતની અને અદાણી ફાઉન્ડેશન ના ચેરપર્સન ડો.પ્રીતિબેન ગૌતમભાઈ અદાણી ને તેમના સેવાકીય કાર્યો ને લઈને બનાસરત્ન એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. ડો.પ્રીતિબેન દ્વારા જિલ્લામાં જ નહીં પરંતુ સમગ્ર રાજ્યમાં ઠેરઠેર પોતાના સેવાકીય કાર્યો થકી આગવી ઓળખ ઉભી કરી છે જેને લઈ રોટરી કલબ પાલનપુર સીટી દ્વારા બનાસરત્ન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ સમારોહ પ્રસંગે કલબના પ્રમુખ મેહુલભાઈ વ્યાસ, મહામંત્રી ડો.પાર્થ રાવલ, રોટરીના પાસ્ટ ડિસ્ટ્રીકટ ગવર્નર આશિષ દેસાઈ, મૌલિન પટેલ, રોટરીના ડિસ્ટ્રીકટ ગવર્નર ઈલેક્ટ અશોકભાઈ મંગલ, પાલનપુરના જ વતની અને નાસા માં વૈજ્ઞાનિક અજયભાઈ કોઠારી, મહેશભાઈ ભણસાલી, પ્રોજેકટ ચેરમેન નિકુલભાઈ વ્યાસ, સહિત કલબના સભ્યો અને આમંત્રિત મહેમાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ડો.પ્રીતિબેન અદાણી ને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કલબના સભ્ય અમ્રિતભાઈ ત્રિપાઠી એ કર્યું હતું.



# પાલનપુર નગરપાલિકા દ્વારા લીઝધારકો સામે તવાઈ

**દુકાનોનુ ભાડું ન ભરતા ચાર દુકાનો સીલ કરાતા વેપારીઓમાં ફફડાટ**

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા દ્વારા લિજ ધારકો સામે લાલ આંખ કરી છે. છેલ્લા કેટલાક સમયથી આખરી નોટિસ બાદ પણ ભાડુ ન ભરતા વેપારીઓ સામે તવાઈ હાથ ધરતા પાલિકા દ્વારા ચાર દુકાનોને સિલ કરી કુલ રૂ.૪.૯૨ લાખની વસુલાત કરવામાં આવતા



અન્ય વેપારીઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં ૧૨૦૦ દુકાનો આવેલી છે. જે દુકાનોને પાલિકા દ્વારા વેપારીઓને લિજ ઉપર આપવામાં આવી છે.પરંતુ વેપારીઓ દ્વારા દુકાનોનું સમયસર ભાડુ ભરવામાં ન આવતુ હોવાથી પાલિકા દ્વારા ભાડુ ન ભરતા ૩૦૦ ઉપરાંતના વેપારીઓને આખરી નોટીસ આપી ભાડુ ભરવા માટે તાકીદ કરવામાં આવી હતી. તેમ છતા વેપારીઓ દ્વારા ભાડુ ભરવામાં ન આવતા આજરોજ પાલિકા ઘરવેરા સુપર વાઈજર સંજય વ્યાસ દ્વારા શહેરમાં વસુલાત ઝુંબેસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ગુરૂનાનક ચોક,કિર્તિસ્થંભ સહીતના વિસ્તારમાં કુલ ચાર દુકાનોને સીલ કરી કુલ રૂપિયા ૪.૯૨ લાખની વસુલાત કરવામાં આવી હતી.જેના પગલે અન્ય વેપારીઓમાં ફફડાટ પ્રસરી ગયો હતો.